# ખેડબ્રહ્મા અરવલ્લી જિલ્લાનું વડુ મથક રાખવા આવેદન

## મુખ્યમંત્રીએ તેમના જન્મ દિવસે અંબાજીના સાનિધ્યમાં આપેલ વચન પાળે

ખેડબ્રહ્મા, તા. ૯

વિધાનસભાની ચૂંટણી અગાઉ સાબરકાંઠા જિલ્લાનું વિભાજન કરીને નવો અરવલ્લી જિલ્લો બનાવવાની મુખ્યમંત્રીએ અંબાજી ખાતે મા જગદંબાના સાનિધ્યમાં જાહેરાત કરી ખેડબ્રહ્માની જાહેર સભામાં હવેથી તમારે તમારા ઘરમાંથી નીકળ્યા પછી એક કલાકમાં જિલ્લાનું કામ પતાવી ઘરે પરત ફરી શકશો એટલે કે ખેડબ્રહ્મા અરવલ્લી જિલ્લાનું વડુ મથક રહેશે. આ વચન પાળવા માટે ખેડબ્રહ્માના વેપારીઓ અને નાગરીકોએ પ્રાંત અધિકારીને ગુરૂવારના રોજ આવેદનપત્ર આપ્યું હતું.

ખેડબ્રહ્માના વેપારીઓ અને નાગરીકો દ્વારા અરવલ્લી જિલ્લાનું વડુ મથક ખેડબ્રહ્મા રાખવા માટે ગુરૂવારે પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યું હતું. ખેડબ્રહ્માના ચંદ્રકાન્ત એચ.ચૌહાણ, ભરતકુમાર ડી. જોષી, પ્રકાશકુમાર પરિહાર, લુહાર સત્તારભાઈ હુસેનભાઈ, નાથાલાલ કે. સોની અને ભરતકુમાર જી. ચૌહાણ સહીત એકસો કરતાં વધુ વેપારીઓએ આપેલ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ૧૭ સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ મુખ્યમંત્રીના જન્મ દિવસે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ હજારો હાથવાળી મા જગદંબાના ખોળામાં સાબરકાંઠા જિલ્લાનું વિભાજન કરી નવિન અરવલ્લી જિલ્લો રચવાની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીએ તેમના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે ખેડબ્રહ્માની જયોતિ હાઈસ્કૂલના મેદાનમાં યોજાયેલ જંગી જાહેર સભામાં જણાવ્યું હતુ કે હવેથી તમારે તમારા ઘરમાંથી નીકળ્યા પછી એક કલાકમાં જિલ્લાનું કામ પતાવી ઘરે પરત ફરી શકશો. મુખ્યમંત્રીશ્રી નવિન જિલ્લાની અને તેના મુખ્યમથકની જાહેરાત ખેડબ્રહ્માની જનતાના કાનમાં હજી પણ ગુંજયા કરે છે. અરવલ્લી જિલ્લાના મુખ્ય મથકની અણમોલ ભેટનું આપેલુ વચન મુખ્યમંત્રી પાળે તેવી ખેડબ્રહ્મા તાલુકાના લોકોની લાગણી છે.

અરવલ્લી જિલ્લાનું વડુ મથક ખેડબ્રહ્મા બને તો ઘણી અનુકૂળતાઓ ખેડબ્રહ્મા હાલમાં વિધ્યમાન છે. જિલ્લામથક માટે જોઈતી જમીન મળી શકે તેમ છે અને તે માટે સરકાર દ્વારા ૨૨ એકર જમીનનું સર્વે પણ કર્યુ છે. આ ઉપરાંત મહેસુલ પ્રધાન આનંદીબેન પટેલ દ્વારા ખાત મુહૂર્ત કરાયેલ તાલુકા સેવા સદનનું ત્રણ માળની બિલ્ડીંગનું કામ પુરજોસમાં ચાલી રહ્યુ છે અને જિલ્લાની વહીવટી પ્રક્રિયા મુજબ કામ ચલાઉ ધોરણે તમામ સરકારી કચેરીઓ કાર્યરત કરવાની કામગીરી પણ પૂર્ણ કરાઈ હોવાનુ જાણવા મળ્યુ છે તેથી અરવલ્લી જિલ્લાના વડામથક તરીકે ખેડબ્રહ્માને જાહેર કરી ખેડબ્રહ્માની નાના અંબાજી તરીકે જગ વિખ્યાત મા જગદંબાના શુભાશીષ મેળવવા વચન પાળવા ખેડબ્રહ્માની જનતાની લાગણી અને માંગણી આ આવેદનપત્રની નકલ મુખ્યમંત્રી કલેકટર અને અધિક કલેક્ટરને મોકલવામાં આવી છે.

# સાબરકાંઠામાં ઈનામ લાગ્યાની લાલચ આપી છેતરપીંડી કરનાર નાઈઝેરીયન ઝડપાયો

### નાઈઝેરીયને વિજયનગરના ઈસમને ઈનામ લાગ્યું હોવાનો એસ.એમ.એસ. કરી રૂ. ૫ લાખ પડાવ્યા હતા



હિંમતનગર, તા. ૯

ગુજરાતીમાં કહેવત છે કે 'લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે ના મરે' આ કહેવતને સાર્થક કરતો એક બનાવ સાબરકાંઠા જિલ્લાના વિજયનગરમાં બનવા પામ્યો હતો. એસ.એમ.એસ. દ્વારા ઈનામ લાગ્યાનો મેસેજ મોકલી એક નાઈઝેરીયન યુવકે રૂ. ૫ લાખ પડાવતા પોલીસે છટકુ ગોઠવી થેતરપીંડી આચરી લોકોને ઠગતા એક નાઈઝેરીયનને પકડી જેલ હવાલે કર્યો છે.

બનાવની વિગત અનુસાર વિજયનગરના કણાદર ગામના ધનપાલસિંહ ગોપાનના મોબાઈલ ઉપર એક એસ.એમ.એસ. આવ્યો કે તમારે રૂ. ૩.૫૦ કરોડનું ઈનામ લાગ્યુ છે. તેના માટે તમારે ટેક્ષ પેટે પૈસા ભરવા પડશે તેવું કહી રૂ. ૫ લાખ ભરાવી નોટોના ૧૦ બંડલો આપી છેતરપીંડી કરતાં ફરીયાદી ધનપાલસિંહ ગોપાને પોલીસને જાણ કરતાં એસ.ઓ.જી. પોલીસે છટકુ ગોઠવી નાઈઝેરીયાના ગાવા દેશના ઠગ અબ્દુલ એમાન ઉર્ફે સલીફને પકડી હિંમતનગર ટાઉન પોલીસને હવાલે કરતા પોલીસે ઉંડી તપાસ હાથ ધરી છે.

# ધનસુરામાં બે બાઈકસવાર ઊંડા ખાડામાં પટકાતા મોત

ધનસુરા, તા. ૯

ધનસુરા મોડાસા માર્ગ વાઘાની ડીપ ઉપરના પુલિયાનું કામ ચાલુ હોઈ આડશના અભાવે અમદાવાદથી બાઈક ઉપર આવી રહેલ બે યુવાનો એકાએક આ ઉંડા ખાડામાં પટકાતા ગંભીર ઈજાઓને કારણે બંને યુવાનો મોતને ભેટ્યા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ધનસુરા મોડાસા રોડ ઉપર આવેલ સ્મશાન ગૃહ પાસેથી પસાર થતી વાઘાની ડીપ ઉપરના પૂલિયાનું કામ ચાલુ હોઈ આડાશના અભાવે અમદાવાદથી બાઈક ઉપર આવી રહેલ બે લબર મુછીયા યુવાનો એકાએક આ ઊંડા ખાડામાં પટકાતા ગંભીર ઈજાઓને કારણે બન્ને યુવાનોના મોત થયા હતા. જેમાં પ્રકાશ ગંગારામ મનાત ઉં.વ. ૨૨ અને લાલશંકર ગંગારામ બંને રહે. ડુંગરપુરા રાજસ્થાન વતન તરફ જતા હતા ત્યારે ધનસુરા મોડાસા રોડ પર અકસ્માત સર્જાયો હતો. ગળનાળામાં એકાએક બાઈક પડતા બન્નેના સ્થળ પર જ મોત થયા હતા. આ ઘટનાની જાણ પોલીસને થતા પી.એસ.આઈ. વાળાએ તાત્કાલિક સ્થળ ઉપર આવી પંચનામુ કરી બન્ને લાશને ધનસુરા સરકારી દવાખાનામાં મોકલી આપ્યા હતા. બાદમાં અકસ્માતનો ગુનો દાખલ કર્યો હતો.

## મોડાસાના બાકરોલ પાસે ધરામાં નાહવા પડેલ કિશોરનું મોત

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના મહાદેવગ્રામ (બાકરોલ) ગામ નજીકથી પસાર થતી મેશ્વો નદીમાં શીતળામાતાજી ધરામાં સમપુર ગામના ચાર કિશોરો પોતાના ગામથી ૧૦ કિ.મી. દૂર આવેલા ધરામાં શુક્રવારે બપોરે ૧.૩૦ વાગ્યાના સુમારે નાહવા પડ્યા હતા જેમાં ૧૫ વર્ષીય પ્રદિપસિંહ ભીખુસિંહ ચૌહાણનું ધરાના પાણીમાં ડુબી જતા મોત નિપજ્યું હતું. જ્યારે ૩ જણા બચી ગયા હતા. ગામના લોકોએ મૃતદેહને બહાર કાઢ્યો હતો. આ બનાવ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરવામાં આવતા પી.એસ.આઈ. જે.આર. ઝાલાએ બનાવ સ્થળે આવી અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો અને મૃતદેહને મેઢાસણ સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ડીસામાં ગરમી અને બફારા વચ્ચે વરસાદી ઝાપટાથી ઠંડક પ્રસરી

બનાસકાંઠા જિલ્લામાં વરસાદના વિરામ બાદ શનિવારે બપોરના અઢી વાગ્યાના સુમારે વરસાદી ઝાપટુ પડતા ફરી એકવાર શહેરના માર્ગો પર પાણી ફરી વળ્યું હતું અને ગરમી અને બફારાથી લોકોએ હાશકારો અનુભવ્યો હતો. ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં વરસાદના વિરામ બાદ ઉઘાડ નિકળતા ખેડૂતો પોતાના કામમાં પરોવાયા હતા. ચોમાસુ સીઝન પણ વરસાદના વિરામ બાદ સોળે કળાએ ખીલી છે. ધરતી પર લીલી ચાદર પાથરી હોય તેવી લીલોતરી છવાતા જોનારાની આંખ ઠરતી હતી જો કે ચાલુ નક્ષત્ર આદ્રા હોવાથી સતત વરસાદ વચ્ચે અને ઉઘાડ ન નિકળે તો ખરીફ પાક સડવા લાગે એટલે હમણા અઠવાડીયુ વરસાદ રોકાય તો ખરીફ પાક મોટો થઈ જાય ત્યાર પછી નક્ષત્ર બદલાય તો ગમે તેટલો વરસાદ ખેતી પાકોને નુકશાન ન કરી શકે જો કે વરસાદના વિરામ પછી સતત બફારાથી લોકો ઉફ આવી ગયા છે.

## ખેડબ્રહ્મામાં ભારત નિર્માણ વૉલન્ટીયર્સ તાલીમ યોજાઈ

સાબરકાંઠા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ખેડબ્રહ્મા ખાતે ભારત નિર્માણ વૉલન્ટીયર્સ ભાઈઓ તથા બહેનોની ત્રિદિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના પ્રમુખ ભોજાભાઈ મકવાણા તથા ઉપપ્રમુખ સુરેશભાઈ પટેલે ઉદ્‌ઘાટન કર્યુહતુ. આ શિબિરમાં ૨૫૦ જેટલા તાલીમાર્થીઓ ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન મેળવ્યુંહતું. ખેડબ્રહ્મા કૃષી વિજ્ઞાન કેન્દ્રના ડૉ. પટેલ વેટરનરી ડૉક્ટર જિલ્લા મિશન મંગલમના અમૃતાબેન પટેલ, નાયબ તાલુકા વિકાસ અધિકારી વી.એમ. વાગડીયા, વિ.એ. ગ્રામ વિકાસ ગંગાબેન ભગોરા, મીશન મંગલમના તાલુકા મેનેજર નરેશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. સમગ્ર શિબિરની વ્યવસ્થા આર.કે. દાવડા તથા ભરતસિંહ ઠાકોરે સંભાળી હતી.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| | | |
|---|---|---|
| **દહેગામ** | | |
| બાજરી | ૨૭૨ | ૨૮૪ |
| ઘઉં | ૩૧૪ | ૩૧૬ |
| ડાંગર | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૯૬ | ૬૯૮ |
| ગવાર | ૭૦૦ | ૯૦૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૦ |
| તુવેર | ૫૦૦ | ૬૫૦ |
| જુવાર | ૨૮૦ | ૩૨૦ |
| રાયડો | ૫૫૦ | ૫૭૦ |
| **રખિયાલ** | | |
| બાજરી | ૨૭૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૧૫ |
| ડાંગર | ૨૭૫ | ૨૯૦ |
| એરંડા | ૬૯૦ | ૬૯૫ |
| ગવાર | ૬૮૦ | ૮૫૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૭૦ |
| તુવેર | ૪૭૦ | ૬૨૫ |
| જુવાર | ૨૫૦ | ૩૦૦ |
| રાયડો | ૫૨૦ | ૫૫૦ |
| **કડી** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૧૫ |
| ડાંગર | ૨૬૦ | ૩૩૧ |
| બાજરી | ૨૩૧ | ૨૬૧ |
| બંટી | ૩૬૧ | - |
| ગવાર | ૮૧૨ | ૧૦૧૨ |
| એરંડા | ૬૮૫ | ૬૯૦ |
| **વિસનગર** | | |
| ઘઉં | ૨૯૫ | ૩૮૪ |
| બાજરી | ૧૮૦ | ૩૦૦ |
| રાયડો | ૫૭૦ | ૬૧૫ |
| એરંડા | ૬૮૦ | ૭૦૭ |
| જુવાર | ૨૫૦ | ૩૪૧ |
| ગવાર | ૬૫૦ | ૧૦૨૪ |
| રજકાના બી | ૧૫૦૦ | ૨૬૧૧ |
| **મહેસાણા** | | |
| ઘઉં | ૨૯૧ | ૩૩૦ |
| જીરૂ | ૨૨૮૫ | ૨૪૧૬ |
| રાયડો | ૫૭૧ | ૬૦૦ |
| મેથી | ૫૨૦ | - |
| સવા | ૬૩૧ | ૩૬૫ |
| બાજરી | ૨૧૯ | ૨૯૩ |
| એરંડા | ૬૮૧ | ૭૦૫ |
| ગવાર | ૭૩૨ | ૧૦૦૮ |
| **આંબલીયાસણ** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૩૩ |
| બાજરી | ૨૩૯ | ૨૮૦ |
| રાયડો | ૫૮૨ | ૫૮૮ |
| એરંડા | ૬૮૭ | ૬૯૫ |
| ગવાર | ૯૯૦ | ૯૯૪ |
| **જોટાણા** | | |
| ઘઉં | ૩૦૧ | - |
| એરંડા | ૬૭૭ | ૬૮૫ |
| **હારીજ** | | |
| રાયડો | ૫૭૦ | ૬૦૩ |
| એરંડા | ૬૬૫ | ૬૯૭ |
| સાસટો | ૨૫૦ | ૩૦૦ |
| બાજરી | ૨૧૫ | ૨૫૧ |
| ઘઉં | ૨૯૦ | ૩૨૧ |
| ગવાર | ૯૦૦ | ૯૯૨ |
| અડદ | ૪૨૦ | ૫૩૫ |
| ચણા | ૫૧૦ | ૬૨૫ |
| જીરૂ | ૨૨૫૦ | ૨૫૪૦ |
| સવા | ૬૦૦ | ૬૬૫ |
| **પાટણ** | | |
| જીરૂ | ૧૯૦૦ | ૨૪૦૦ |
| વરીયાળી | ૭૭૦ | ૧૦૭૫ |
| રાયડો | ૫૬૫ | ૬૨૮ |
| એરંડા | ૬૬૦ | ૭૦૬ |
| ઘઉં | ૨૯૨ | ૩૭૩ |
| જુવાર | ૨૫૦ | ૪૦૦ |
| બાજરી | ૨૨૫ | ૨૮૫ |
| ગવાર | ૯૦૩ | ૧૦૧૫ |
| સવા | ૬૨૫ | ૭૧૬ |
| **ઉંઝા** | | |
| જીરૂ | ૨૧૦૦ | ૨૭૧૨ |
| વરીયાળી | ૯૨૫ | ૧૯૮૫ |
| ઈસબગુલ | ૧૨૦૦ | ૧૩૪૧ |
| રાયડો | ૪૮૧ | ૬૫૧ |
| મેથી | ૫૩૧ | ૫૩૫ |
| તલ | ૧૮૬૦ | ૨૨૫૦ |
| સવા | ૬૫૦ | - |



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજના બોરીયા સીતવાડા ગામે પીવાના પાણી માટે ભરચોમાસે મહિલાઓને વલખા મારવા પડે છે. બે કિલોમીટર દૂર ખેતરમાં માથે બેડા મુકીને પાણી ભરવા ખેતરોમાં જવું પડે છે. જેથી મહિલાઓને પીવાના પાણીના કંકાશને લઈને ઘરકામ કે ખેતી સાથે સંકળાયેલ મહિલાઓને પુરતો સમય મળતો નથી.

# સલાલ પાસે મારુતિએ પલટી ખાતાં એકનું મોત ત્રણને ઈજા

હિંમતનગર, તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામ નજીક ગુરુવારે રાત્રીના કાર સ્ટેરીંગ લોક થઈ પલટી ખાઈ ગયેલ જેમાં ત્રણને ઈજા થવા પામી હતી જયારે એકનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. અકસ્માત અંગે પ્રાંતિજ પોલિસ મથકે હિંમતનગરના પોલોગ્રાઉન્ડના રહેવાલી મહેમુદહસન અબ્દુલહકીમ વસીવાલાએ જાણ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ હિંમતનગરના પોલોગ્રાઉન્ડના રહેવાસી ૧૭ વર્ષીય મહમદમતાબ જહીરઅહેમદ વસીવાલા તેના ત્રણ મિત્રો ફૈઝાન હરાદવાલા, યુસુફ ઈમામ, એજાજ પોથીવાલાંને લઈને પોતાની મારુતિ કાર નંબર જીજે-૧-એચએફ-૨૪૧૫માં ગુરુવારે રાત્રીના ૧૧ વાગે હિંમતનગરથી અમદાવાદ જવા નીકળ્યા હતા દરમિયાન સલાલ પાસે રાત્રીના ૧૧.૩૦ વાગે મારુતિ કારમાં અચાનક સ્ટેરીંગ લોક થઈ જતા કાર પલટી ખાઈ ગઈ હતી જેમાં ચારેયને માથાને ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. તમામ ઈજાગ્રસ્તો ને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ દ્વારા હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા જયાંથી વધુ ગંભીર બે ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે અમદાવાદ એપોલો હોસ્પિટલમાં લઈ જવાયા હતા જયાં સારવાર દરમિયાન ૧૭ વર્ષીય મહમદમતાબ જહીરઅહેમદ વસીવાલાનું મોત નીપજયું હતું.



# ડીસામાં મુસ્લિમ સમાજ દ્વારા ઈદ ઉલ ફીત્રની ઉજવણી

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ ઉલ ફીત્રની આનંદ ઉલ્લાસ અને શ્રધ્ધાજન્ય માહોલ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રમજાન દરમિયાન મુસ્લિમ બંધુઓએ રમજાનમાં રોઝા રાખી ઈદના દિવસને મનભરીને માણ્યો હતો અને સમગ્ર વર્ષ સુખ શાંતિ પૂર્વક પસાર થાય તે માટે એકબીજાને દુઆઓ પાઠવી ઈદ મુબારક પાઠવ્યા હતાં.

હિન્દુ ધર્મમાં દિવાળી અને ખ્રિસ્તીઓમાં ક્રિસમસનું માહાત્મ્ય હોય છે તેમ ઈસ્લામમાં ઈદનું માહાત્મ્ય હોય છે. મુસ્લિમ બિરાદરો રમજાન માસમાં રોઝા રાખી અલ્લ્હાની બંદગીમાં સમગ્ર મહિનો વિતાવે છે. જયારે છેલ્લા દિવસે એટલે કે બીજના દિવસે તેની ભવ્ય ઉજવણી કરે છે. આજે ચાંદ દેખાતા મુસ્લિમો એ ઈદના તહેવારને મન ભરીને માણ્યો હતો. સવારથી જ નવા કપડામાં સજજ બની એકબીજાને મીઠાઈ આપી ઉદ મુબારક પાઠવી હતી. આ દિવસે એકબીજાને અગાઉ થયેલા રીસામણા ભૂલી જઈને મહોબત અને ભાઈચારાની નવેસરથી શરુઆત કરી હતી. ડીસા શહેરમાં આવેલ કબ્રસ્તાનમાં આવેલ ઈદગાહમાં અપ્સર બાવાની ખાસ ઉપસ્થિતિમાં ઈદની નમાઝ અદા કરાઈ હતી જેમાં સમસ્ત શહેરના મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. નમાઝ બાદ ગરીબો અને ફકીરોએ ખેરાત કરી પુણ્યનો લાભ લીધો હતો.

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ, તા.૦૯

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૪૦ | ૨૨૦ |
| બટાટા ડીસા | ૧૮૦ | ૨૫૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૫૮૦ | ૬૫૦ |
| રીંગણ | ૬૫૦ | ૭૫૦ |
| રવૈયા | ૩૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૩૦૦ | ૫૦૦ |
| ટામેટા પાકા | ૨૦૦ | ૩૬૦ |
| દૂધી | ૩૦૦ | ૪૫૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| ગીલોડા | ૬૦૦ | ૧૨૦૦ |
| મરચાં દેશી | ૪૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| બીટ | ૨૮૦ | ૩૪૦ |
| ગાજર | ૧૪૦ | ૩૨૦ |
| મરચા ધોલાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૩૦૦ |
| કારેલા | ૪૦૦ | ૬૫૦ |
| ભીંડા | ૪૦૦ | ૮૦૦ |
| ગવાર | ૭૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૪૦૦ | ૮૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૧૦૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601